सत्यम् शिवम् सुंदरम्
राष्ट्रिय गुजराती-हिन्दी में प्रकाशित प्रथम पाक्षिक समाचार पत्र
॥ श्री मां जोबनेर माता की कृपा ॥
# क्राइम केप
R. N. I. No. 70592/98 ક્રાઈમ કેપ G-KDA-106/2015-17

**"ક્રાઈમ કેપ" અખબારમાં અમદાવાદ ખાતે માનદ્ બ્યુરો ચીફ તરીકે નિમણૂંક કરેલ છે**



અમારા **"ક્રાઈમ કેપ"** અખબારમાં અમદાવાદ સ્થિત **મહેશ કે. ઠાકોર**ની માનદ્ સેવાના હેતુસર બ્યુરો ચીફ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. તો આપના વિસ્તારનાં કોઈપણ સમાચાર, જાહેરાત માટે તેમનો સંપર્ક કરવો.

**મહેશ કે. ઠાકોર**
**મો. ૯૯૬૪૮ ૫૩૮૨૭**

● वर्ष : 26 ● अंक : 14 ● मूल्य : 2 ● पेज : 4 ● दिनांक : 1-8-2023 ● संपादक : प्रकाश आर. देवल ● सह संपादक : हेमल देवल ● उप संपादक : देवयानि देवल ●

# निर्मला सीतारमण का बड़ा हमला : 'मणिपुर मुद्दे पर सिर्फ घड़ियाली आंसू बहा रहा विपक्ष'

नई दिल्ली,

केंद्रीय वित्त मंत्री निर्मला सीतारमण ने सोमवार को विपक्ष पर जमकर निशाना साधा। उन्होंने कहा कि विपक्ष मणिपुर मुद्दे पर चर्चा में हिस्सा नहीं लेना चाहता। आज जब यह मुद्दा संसद में उठाया गया तो विपक्ष चर्चा से भागता नजर आया। विपक्ष के व्यवहार से दुखी हूं। मणिपुर मुद्दे पर सिर्फ मगरमच्छ के आंसू बहा रहे थे। अगर उन्हें वास्तव में परवाह होती, तो वे इस पर चर्चा करते।

उन्होंने कहा कि आज आपने राज्यसभा में देखा कि आज सुबह सूची में मणिपुर मुद्दे पर चर्चा होनी तय थी। जब चर्चा शुरू होने का समय आया, तो विपक्ष ने इससे किनारा कर लिया। यह तो पहले जरूरी समझा। वित्त मंत्री ने चेतावनी देते हुए कहा कि आइए चर्चा करिए। सरकार तैयार है। आपके नेता तो मणिपुर जाकर आएं हैं। वहां के लोगों से चर्चा कर के आए हैं। लोगों का दर्द साझा किया है। तो आइए चर्चा सदन में भी चर्चा करिए। सरकार इसके लिए पहले दिन से तैयार है। कोई भी रुकावट नहीं आएगी।



## विपक्ष मणिपुर मुद्दे पर चर्चा में हिस्सा नहीं लेना चाहता।

उन्होंने कहा कि मणिपुर जैसे संवेदनशील मसला विपक्ष के लिए सिर्फ एक राजनीतिक मुद्दा है। आज यह साबित हो गया कि वे से तय था। सदन के नेता इसके लिए तैयार थे। विपक्षी नेता भी इसके लिए तैयार थे, लेकिन जब समय आया तो सभी ने बाहर जाना

**આવનાર દુઃખો દૂર કરવા આપનું ભવિષ્ય એટ્રો સાયન્સ પદ્ધતિથી જાણી તેનું નિવારણ કરવા મળો.**

**ડૉ. હેમલ દેવલ (એસ્ટ્રોલોઝર)**

**મો. ૯૭૧૨૫ ૪૪૨૭૧ વોટ્સ એપ નં. ૯૨૬૫૭ ૩૨૬૪૨**

**તમામ દુઃખોમાંથી મુક્તિ મેળવવા માટે એસ્ટ્રોલોઝર હેમલ દેવલને તત્કાલ મળો**



તમામ બાધાઓ, દરેક બિમારીઓ, સરકારી નોકરી મેળવવા અને ધંધા-રોજગાર આપને કયો સુટ થાય છે તે જાણવા માટે હેમલ દેવલની રૂબરૂ મુલાકાત લો. વધુમાં... નિઃસંતાન પરિવારોને સંતાન-પ્રાપ્તિ ગ્રહોના ઉપયોગથી ને પત્ની-પતિના વિવાદોનો નિકાલ તેમજ અચાનક એક્સીડન્ટથી થતા મૃત્યુ તથા બળાત્કારો થવા પાછળના મૂળ કારણો જાણો અને આપ આપના પરિવારને તમામ દુઃખોમાંથી મુક્તિ મેળવવા એસ્ટ્રોલોઝર હેમલ દેવલનો સંપર્ક કરો.

ઠે. ૨૦૯, એક્તા હાઉસીંગ સોસાયટી, મહેમદાવાદ-૩૮૭ ૧૩૦.

### सामाजिक समीकरणों के साथ उठाएगी मुद्दे

# योगी के घर में BJP को घेरने की तैयारी में कांग्रेस

नई दिल्ली,

प्रधानमंत्री नरेंद्र मोदी को घेरने के लिए कांग्रेस चौतरफा रणनीति बना रही है। इंडिया गठबंधन के तले सहयोगी दलों के साथ भाजपा को हर सीट पर घेरने के लिए सामाजिक समीकरणों को साधने की कोशिश की जाएगी। समाज के सभी वर्गों को महंगाई और बेरोजगारी के मुद्दे पर साथ लेने की कोशिश की जाएगी।

पूर्वांचल में भाजपा को घेरने के लिए कल्पनाथ राय की पुण्यतिथि ६ अगस्त पर मऊ से कार्यक्रम शुरू किया जाएगा, जिसका समापन योगी के गृह क्षेत्र गोरखपुर में किया जाएगा। इस अभियान में जनता के सामने कांग्रेस के दिग्गजों पंडित कमलापति त्रिपाठी, भूमिहार ब्राह्मण नेता कल्पनाथ राय और वीर बहादुर सिंह की विकासवादी राजनीति को केंद्र में रखा जाएगा। कांग्रेस नेताओं को उम्मीद है कि इसके सहारे वह भाजपा की विकास और हिंदुत्व की राजनीति को परास्त कर पाएगी।

कांग्रेस ज्यादा से ज्यादा जातियों को अपने साथ जोड़कर बड़ा सामाजिक समीकरण तैयार करने की कोशिश करेगी। ब्राह्मणों को पार्टी से जोड़ने के लिए शीघ्र ही सामाजिक सम्मेलन किए जाने की तैयारी की जा रही है, तो दलितों-महादलितों और पिछड़ों को अपने साथ लाने के लिए उनके बीच पहुंचने की योजना बनाई जा रही है। इसके लिए पूर्वांचल, पश्चिम और अवध क्षेत्र में शीघ्र ही सम्मेलन आयोजित किए जाएंगे।

उत्तर प्रदेश कांग्रेस के उपाध्यक्ष विश्व विजय सिंह ने अमर उजाला को बताया कि भाजपा महंगाई-बेरोजगारी के त्रस्त जनता को धार्मिक मुद्दों की आड़ में गुमराह करने की कोशिश कर रही है। वहीं, कांग्रेस उन मुद्दों को उठा रही है, जिससे हिंदू-मुसलमान, ब्राह्मण, अगड़ा-पिछड़ा, दलित-अल्पसंख्यक सभी परेशान हैं।

विश्व विजय सिंह ने कहा कि आज पूरे देश में जनता महंगाई से परेशान है, लेकिन केंद्र सरकार इसका कोई उपाय नहीं कर रही है। आज भी सरकार के पास महंगाई-बेरोजगारी से निपटने का कोई खाका नहीं है। उन्होंने कहा कि सरकार केवल आंकड़ों का सपना दिखा रही है, जबकि किसान-गरीब और छात्र परेशान हैं। वे लोगों के बीच जाएंगे और इन मुद्दों पर उन्हें अपने साथ जोड़ने की कोशिश करेंगे।

## समाज के सभी वर्गों को महंगाई और बेरोजगारी के मुद्दे पर साथ लेने की कोशिश की जाएगी।

क्राइम केप

# कर्नाटक से राजस्थान जा रहा २१ लाख के टमाटर से भरा ट्रक लापता

## सेमीकंडक्टर अभियान 'मेक इन इंडिया' का सशक्त उदाहरण

विदेश मंत्री ने रविवार को सेमीकॉन इंडिया-२०२३ कॉन्फ्रेंस में दुनियाभर की अग्रणी सेमीकंडक्टर कंपनियों के शीर्ष कार्यकारी अधिकारियों से कहा, उनके फैसलों और संबंधों के निहितार्थ तात्कालिक कारोबार से परे हैं। ये वैश्विक अर्थव्यवस्था की 'री-इंजनीयरिंग' में योगदान दे सकते हैं। वर्चुअल संबोधन में जयशंकर ने कहा, भारत जितना अधिक आत्मनिर्भर होगा, सेमीकंडक्टर व चिप उत्पादन में भी उसकी आत्मनिर्भरता उतनी अधिक होगी। ऐसे में उभरते भू-राजनीतिक परिदृश्य और लचीली आपूर्ति शृंखला सुनिश्चित करने पर बढ़ते वैश्विक जोर के बीच भारत घरेलू स्तर पर विनिर्माण सुविधाएं स्थापित करने के लिए प्रमुख सेमीकंडक्टर कंपनियों को आकर्षित करने की कोशिश कर रहा है। जयशंकर ने कहा, भरोसा और पारदर्शिता डिजिटल क्षेत्र के भविष्य के लिए प्रमुख मुद्दे बनकर उभरे हैं। आर्टिफिशियल इंटेलीजेंस (एआई) की दुनिया में हमारा डाटा महत्वपूर्ण होता जा रहा है। बड़ा सवाल यह है कि हमारा डाटा कौन प्रोसेस करता है और कौन उसका फायदा उठाता है। हम वास्तव में अब बुनियादी विनिर्माण और रोजमर्रा की वस्तुओं एवं सेवाओं को भी उनके डाटा निहितार्थ से अलग नहीं कर सकते। विदेश मंत्री ने कहा, अगर महत्वपूर्ण और उभरती प्रौद्योगिकियां (सीईटी) शक्तिके नए आयाम के रूप में उभरें तो इसमें कोई आश्चर्य नहीं है।

प्रकाश आर. देवल

कोलार,

कर्नाटक के कोलार से २१ लाख रुपए के टमाटर राजस्थान ले जा रहा ट्रक रास्ते से लापता हो गया। ट्रक ड्राइवर और क्लीनर से भी संपर्क नहीं हो पा रहा है। ट्रक के मालिक ने कहा- ड्राइवर ने अपने साथी के साथ मिलकर टमाटर चुराए हैं। दोनों के खिलाफ कोलार नगर थाने में शिकायत दर्ज करा दी गई है। ट्रक के मालिक ने बताया कि २७ जुलाई को दो व्यापारियों ने कोलार APMC यार्ड से राजस्थान के जयपुर तक टमाटर ले जाने के लिए ट्रक बुक किया था। ट्रक को शनिवार रात जयपुर पहुंचना था, लेकिन सोमवार तक वह अपनी मंजिल पर नहीं पहुंचा। ड्राइवर का फोन भी बंद है, ट्रक के ऑपरेटर से भी संपर्क नहीं हो पा रहा है। पुलिस का कहना है कि गाड़ी में लगे GPS ट्रैकर के मुताबिक, ट्रक ने कोलार से करीब १६०० किमी की दूरी तय की थी। इसके बाद ट्रक का कोई पता नहीं चला। टमाटर खरीदने वाले व्यापारियों का कहना है कि अगर ट्रक का एक्सीडेंट हुआ होता तो हमें सूचना मिली होती। हमें शक है कि ड्राइवर टमाटर चुराने के लिए ट्रक लेकर भाग गया है।

इससे पहले ८ जुलाई को कर्नाटक के चित्रदुर्ग से टमाटर से भरा ट्रक हाईजैक हो गया था। इसकी कीमत करीब ३ लाख रुपए बताई गई थी।

मल्लेश नाम का किसान ट्रक में टमाटर लेकर कोलार बाजार जा रहा था। रास्ते में ट्रक एक कार से टकरा गया, जिससे कार का शीशा टूट गया।

इसके बाद कार में सवार ३ लोगों ने किसान और ट्रक ड्राइवर को रोक लिया। उन्होंने किसान से मुआवजा मांगा, लेकिन किसान ने कहा कि उसके पास पैसे नहीं है।

इस पर कार सवार टमाटर से लदा ट्रक लेकर भाग गए। ४ जुलाई को कर्नाटक में एक किसान धारिणी के खेत से २.५ लाख रुपए के टमाटर चोरी हो गए थे। मामला हासन जिले के गोनी सोमनहल्ली गांव का है। यहां चोरों ने रात में खेत से ५०-६० बैग टमाटर चुराए थे। धारिणी ने पुलिस में मामले की शिकायत की थी। उसने बताया कि जब चोरी हुई, तब टमाटर १२० रुपए किलो से ऊ पर था।

# जयपुर-मुंबई ट्रेन में फायरिंग, आरपीएफ ASI समेत चार की गोली मारकर हत्या

कोलार,

महाराष्ट्र के पालघर में जयपुर-मुम्बई एक्सप्रेस ट्रेन में एक RPF कांस्टेबल ने अपने सीनियर एएसआई पर अंधाधुंध गोलीबारी कर दी। इस घटना में एएसआई और ३ अन्य यात्रियों की गोली लगने से मौत हो गई। चेतन नाम के कांस्टेबल ने फायरिंग की। जिसे मीरा रोड से पुलिस ने गिरफ्तार कर लिया है। चारों शवों को शताब्दी अस्पताल की मोर्चरी में रखवाया गया है।




घटना सोमवार सुबह करीब ५ बजे के करीब को घटी। ट्रेन के B ५ कोच में यह फायरिंग हुई। फायरिंग में ४ लोगों को गोली लगने से मौत हो गई। हालांकि फायरिंग होने की वजह का अभी पता नहीं चला है, लेकिन बताया जा रहा है कि आरपीएफ कांस्टेबल और उसके सीनियर एएसआई में किसी बात को लेकर तनातनी और कहासुनी हो गई थी। जिसके बाद कांस्टेबल ने गुस्से में आग बबूला होकर ताबड़तोड़ फायरिंग कर दी। फायरिंग पालघर और मुंबई के बीच दहिसर इलाके में ट्रेन में हुई। RPF कांस्टेबल चेतन को मानसिक तनाव में बताया जा रहा है। मुंबई में डीआरएम नीरज वर्मा ने बताया कि सुबह छह बजे के करीब हमें सूचना मिली कि आरपीएफ जवान ने फायरिंग की है, जिसमें चार लोगों की मौत हुई। आरोपी कांस्टेबल एस्कोर्ट ड्यूटी पर तैनात था। रेलवे अधिकारी मौके पर मौजूद हैं और घटना की आगे की जांच की जा रही है। मृतकों के परिजनों को सूचित कर दिया गया है। मृतकों के परिजनों को मुआवजे का एलान किया जाएगा। पश्चिमी रेलवे के सीपीआरओ ने बताया कि 'दुर्भाग्यपूर्ण घटना आज मुंबई-जयपुर सुपरफास्ट एक्सप्रेस में हुई। एक आरपीएफ कांस्टेबल चेतन कुमार ने अपने साथी एएसआई टीकाराम मीणा पर फायरिंग की। इस दौरान तीन अन्य यात्रियों को भी गोली लग गई। शुरुआती जांच में पता चला है कि आरोपी ने अपने आधिकारिक हथियार से ही गोली चलाई थी। आरोपी को गिरफ्तार कर लिया गया है। गोलीबारी की वजह अभी तक पता नहीं चल पाई है। मामले की जांच की जा रही है।' आरोपी शख्स उत्तर प्रदेश के हाथरस जिले का रहने वाला है। वहीं, मारे गए, स्ढ राजस्थान के सवाई माधोपुर के हैं। वे ६ महीने बाद रिटायर होने वाले थे। मृतक स्ढ ट्रेन में एस्कॉर्ट ड्यूटी के इंचार्ज थे। आरोपी जवान RPF की लोअर परेल पोस्ट में अटैच था, वहीं मृतकASI दादर RPF पोस्ट से अटैच थे।

Latest On Line my Web. Site all News So
www.crimecap.com
हर बार ! सनसनी खेज समाचार पढे
पाठकों,
यह समाचार पत्र देश के करोडो लोगों की आवाज है और देश के एक कोने से लेकर दूसरे कोने तक स्थानीय जजो से लेकर सुप्रीम कोर्ट जजों तक, स्थानीय पुलिस अधिकारियों से गृहमंत्री, प्रधानमंत्री व प्रशांसनिक अधिकारियों तक अपराधी आवाज पहुंचाता है। इस आवाज को बुलन्द रखें। आज ही समाचार पत्र के लिए वार्षिक सहयोग ५० रुपए (डाक शुल्क सहित) एवं आर्थिक सहायता भेजने का कष्ट करें।

क्राइम केप
Mo : 9173959559
संपादक : प्रकाश आर. देवल
E-mail : crimecapnews@gmail.com
HO. 209, Aketa Housing Society, Nr. Railway Station At. Ta. Mahemdabad-Dist. Kheda-387130

## કર્ણાટક હાઈકોર્ટનો આદેશ, પત્ની-બાળકોની સંભાળ રાખવી પતિની ફરજ

કર્ણાટક હાઈકોર્ટે ઈસ્લામના પવિત્ર ગ્રંથ 'કુરાન'ને ટાંકીને એક વ્યક્તિની અરજી ફગાવી દીધી. કોર્ટે કહ્યું કે કુરાનમાં કહેવામાં આવ્યું છે કે પત્ની અને બાળકની સંભાળ રાખવી એ પતિની ફરજ છે, ખાસ કરીને જ્યારે તેઓ લાચાર હોય.પતિની અરજીને ફગાવી દેતા કોર્ટે આ ટિપ્પણી કરી છે. દર મહિને ચૂકવવામાં આવતી રકમ ઘટાડીને રૂ. ૨૫,૦૦૦ કરવાની અરજદારની માગણી પણ કોર્ટે ફટકાર લગાવી હતી. જસ્ટિસ કૃષ્ણા એસ દીક્ષિતની બેંચ આ મામલાની સુનાવણી કરી રહી હતી. મોહમ્મદ અમજદે ફેમિલી કોર્ટના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. મોહમ્મદ અમજદ અને નસીમા બાનુ અલગ થઈ ગયા છે અને ફેમિલી કોર્ટે અમજદને નસીમા અને તેના બાળકની જવાબદારી લેવા અને તેને દર મહિને ખર્ચ તરીકે ૨૫ હજાર આપવાનો આદેશ આપ્યો હતો.

અરજીને ફગાવી દેતાં હાઈકોર્ટે કહ્યું કે, કુરાન અને હદીસમાં કહેવામાં આવ્યું છે કે પત્ની અને બાળકની સંભાળ રાખવાની જવાબદારી પતિની છે, ખાસ કરીને જ્યારે તેઓ લાચાર હોય. જસ્ટિસ દીક્ષિતે વધુમાં કહ્યું કે, અરજદારની એવી માંગણી પણ સ્વીકારી શકાય નહીં કે દર મહિને ૨૫,૦૦૦ રૂપિયાની રકમ ઘણી વધારે છે. કોર્ટે કહ્યું કે મોંઘવારીના આ યુગમાં જ્યારે રોટલી, બ્રેડ જેવી જરૂરી વસ્તુઓ પણ લોહી કરતાં મોંઘી છે, ત્યારે અરજદારની આ માંગણી સ્વીકારી શકાય નહીં. કોર્ટે કહ્યું કે કાયમી ભરણપોષણ એ સુનિશ્ચિત કરવા માટે છે કે લગ્ન તૂટ્યા પછી પત્ની ગરીબી સહન ન કરે અથવા બેઘર ન થાય. આ કેસમાં મોહમ્મદ અમજદ વતી એડવોકેટ દિલદાર શિરાલ્લી હાજર થયા હતા, જ્યારે નસીમાનો પક્ષ એડવોકેટ ઈર્શાદ અહેમદે કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો.

## સુરતમાં તથ્ય પટેલ જેવા નબીરાએ અકસ્માત સર્જ્યો, દારૂ પીને ૬ બાઈકચાલકોને ફંગોળ્યા



સુરત,

ગુજરાતમાં ન જાણ કેટકેટલાય તથ્ય પટેલ ફરી રહ્યાં છે. ગુજરાતમાં રોજ કોઈને કોઈ શહેરમાં કોઈ મોટા ઘરનો નબીરો ગાડીઓ ઠોકતા જોવા મળી રહ્યો છે. ત્યારે આજે સુરતમાં થયેલ અકસ્માતે અમદાવાદની યાદ તાજી કરાવી છે. સુરતના કપોદ્રા વિસ્તારમાં સ્નેહ મુદ્રા સોસાયટી પાસે એક સ્વીફ્ટ કાર ચાલકે ૩-૪ બાઈક ચાલકને અડફેટે લીધા હતા. જેમાં બાઈક ચાલકો ઈજાગ્રસ્ત થયા હતા. તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા કાપોદ્રા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો. હતો.

સુરતના કપોદ્રા વિસ્તારમાં અમદાવાદના ઈસ્કોન બ્રિજ જેવો અકસ્માત સર્જાયો છે. બીઆરટીએસ રુટમાં બેફામ સ્વીફ્ટ કાર હંકારીને અકસ્માત સર્જનાર કાર ચાલકનું નામ સાજન પટેલ હોવાનું સામે આવ્યું છે. સાજન પટેલ સુરતના ઉતરાણનો રહેવાસી છે. તે મૂળ સુરતી છે અને કાર લે-વેચનો ધંધો કરે છે. ત્યારે સાજન પટેલે પણ દારૂ પીધો હતો, તેણે ખુદ આ વાતનો સ્વીકાર કર્યો છે. બેફામ રીતે કાર હંકારીને ઢગલાબંધ બાઈક ચાલકોને અડફેટે લેનારાને સ્થાનિક લોકોએ તથ્ય પટેલની જેમ જ ગાડીમાંથી બહાર કાઢીને માર માર્યો હતો. તેણે પાંચ બાઈકને અડફેટે લીધી હતી. તેમજ બીઆરટીએસ રુટ ખાનગી વાહનો માટે પ્રતિબંધિત હોવા છતા તેમાં રમરમાટ સ્વીફ્ટ ગાડી ચલાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, બાઈક પર સવાર બે મિત્રો અડફેટે લેતા પીપી માણિયા હોસ્પિટલમાં ખસેડાયા છે. તો યસ કેવરિયા નામના યુવકને ગંભીર હાલતમાં આઈસીયુ દાખલ કરાયો છે. કિશન હીરપરા નામના યુવકને હાથ ,પગના ભાગે ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં ખસેડાયો છે. અન્ય ૪ લોકોને પણ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. ઘટનાની જાણ થતા કાપોદ્રા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ચાર ઈજાગ્રસ્ત બાઈકચાલકોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. જેમાં બે લોકોને મંગલદીપ હોસ્પિટલમાં ખસેડાયા. તો બે લોકોને પીપી મણિયા અને પીપી સવાણી હોસ્પિટલમાં ખસેડાયા છે. ઘટનાની જાણ થતા કાપોદ્ધા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના દોડી આવી હતી અને કારચાલકની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સાયલાનાં ચોરાવિરા ગામે ૮૮,૦૦૦ નો દારૂ-બિયર જપ્ત

વઢવાણ,

સાયલામાં ચોરવીરા ગામ અને સાયલા સર્કલ પાસે દારૂ અને બિયરનો જથ્થો પકડાયો હતા. બંને સ્થળેથી પોલીસે રૂા. ૮૮ હજારના ૨૯૧ નંગ દારૂ અને ૪૮ બિયરના ટીન સાથે ચાર શખ્સોને પકડી પાડયા હતા. ટ્રોલી સાથે ટ્રેક્ટર, ડમ્પર સહિતના વાહનો અને મોબાઈલ જપ્ત કરાયા હતા. છ શખ્સો સામે ગુનો દાખલ કરવા સાથે બે ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરાયા હતા.

સાયલા પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી કે ચોરવીરા ગામે રહેણાંક મકાનમાં ઈંગ્લિશ દારૂ તથા બીયર રાખવામાં આવ્યા છે. જ્યાં રેડ કરતા ઈંગ્લિશ દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. ચોરવીરા ગામે સુરેશભાઈ જયંતીભાઈ મારુણીયાના રહેણાંક મકાનમાંથી ઈંગ્લિશ દારૂની બોટલ નંગ ૨૭૬ જેની કિંમત ૭૯,૨૦૦ તથા બીયર ટીન નંગ ૪૮ જેની કિંમત ૪,૮૦૦, ટ્રેક્ટર નંગ ૧ જેની કિંમત૨,૦૦,૦૦૦ ટ્રેક્ટરની ટોલી નંગ એક જેની કિંમત ૫૦,૦૦૦ મોટરસાયકલ નંગ બે જેની કિંમત ૫૦,૦૦૦ મોબાઈલ નંગ ત્રણ જેની કિંમત ૧૧,૦૦૦ એમ કુલ મળી રૂા. ૩.૯૫ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી સુરેશભાઈ જયંતીભાઈ મારુણીયા, રસિકભાઈ ધુડાભાઈ કામળીયા, સવજીભાઈ માનસીભાઈ માથાસુરીયા ઝડપાઈ ગયા હતા.

જ્યારે વિક્રમભાઈ ભીમાભાઈ તથા વિરમભાઈ દેવશીભાઈ હાજર મળી આવ્યા ન હતા. તમામ પાંચેય સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી.બીજા બનાવમાં સાયલા પોલીસ સાયલા સર્કલ પાસે હાઈવે નાઈટ પેટ્રોલિંગમાં હતી જે દરમિયાન ડમ્પર રોકી જેમાં તપાસ કરતા કેબિનમાં ડ્રાઈવર સીટની બાજુમાંથી ઈંગ્લિશ દારૂની બોટલ નંગ ૧૨ જેની કિંમત ૪,૨૦૦ સાથે આરોપી સંજય સિંહ હનુભા જાડેજા રહે. કાઠી દેવળીયા, તા. ખંભાળિયાને ઝડપી પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરાયો હતો.

## દેશમાં દર વર્ષે લગભગ ૪.૫ લાખ માર્ગ અકસ્માતો થાય છે, જેમાં લગભગ ૧.૫ લાખ લોકો મૃત્યુ પામે છે

નવીદિલ્હી,

દેશમાં સૌથી વધુ વાહનો દિલ્હીમાં છે, રાજધાનીમાં વાહનોની સંખ્યા ત્રણેય મહાનગરો મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈમાં વાહનોની સંખ્યા કરતાં વધુ છે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે ટ્રાફિક તોડવામાં દિલ્હી કે મુંબઈના લોકો આગળ નથી. અહીંના લોકો ટ્રાફિકના નિયમો તોડવામાં પાછળ છે. એક બીજા રાજ્યના લોકો સૌથી વધુ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરે છે.

દેશમાં દર વર્ષે લગભગ ૪.૫ લાખ માર્ગ અકસ્માતો થાય છે, જેમાં લગભગ ૧.૫ લાખ લોકો મૃત્યુ પામે છે અને લગભગ ૪.૫ લાખ લોકો ઘાયલ થાય છે. આ માર્ગ અકસ્માતોનું એક મોટું કારણ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન છે. વાહન ચાલકો વધુ ઝડપે અથવા ખોટી દિશામાં આગળ વધે છે જે અકસ્માતોનું કારણ બને છે. ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓ સામે સતત કાર્યવાહી કરવામાં આવે છે અને આ વાહન ચાલકો પાસેથી દંડ પણ વસૂલવામાં આવે છે. કેટલાક રાજ્યોમાં, ટ્રાફિકના નિયમો તોડવા બદલ ચલણ અને દંડની સંખ્યા વધુ છે, જ્યારે કેટલાક રાજ્યોમાં આ સંખ્યા ઘણી ઓછી છે.માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ચલણ કરવામાં આવ્યા છે. આ રીતે મોટાભાગે ટ્રાફિકના નિયમોનો ભંગ થાય છે. અહીં એક વર્ષમાં ૫,૯૮,૬૩૫ ચલણ કરવામાં આવ્યા છે અને આ વાહન ચાલકો પાસેથી દંડ તરીકે ૫૦,૨૧,૩૨,૧૨૫ રૂપિયાની રકમ વસૂલવામાં આવી છે.

બીજા નંબર પર દેશની રાજધાની દિલ્હીમાં ટ્રાફિકના નિયમો તોડવામાં આવે છે. ૩૨૦૫૨ ચલણ અને ૧૯૨૨૦૬૦૦૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવ્યો છે. બીજી તરફ, તમિલનાડુ ત્રીજા નંબર પર છે, જ્યાં ૧૫૪૬૬૪ ચલણ કરવામાં આવ્યા છે અને ૬૦૦૫૫૮૫૦ રૂપિયાની રકમ વસૂલવામાં આવી છે.

આ સાથે, ઘણા રાજ્યો એવા છે જ્યાં લોકો ટ્રાફિક નિયમોનું સંપૂર્ણ પાલન કરે છે. જો કે રાજ્યો નાના છે, પરંતુ ચલનની સંખ્યા સાંભળીને તમે ચોંકી જશો. સૌથી ઓછા ચલણ સિક્કિમ અને મણિપુરમાં થયા છે. આ બંને રાજ્યોમાં એક વર્ષમાં માત્ર એક જ ચલણ થયું હતું. તે જ સમયે, કર્ણાટકમાં ફક્ત ૩ ચલણ કરવામાં આવ્યા છે, આ સાથે જ પ્રવાસન તરીકે પ્રખ્યાત રાજ્ય ગોવામાં લોકો ટ્રાફિક નિયમોનું ખૂબ પાલન કરે છે. અહીં એક વર્ષમાં ૫ ચલણ થયા છે.

## ઓસ્ટ્રેલિયામાં ભારતીય યુવાન છાત્ર પર ૮ લોકોએ કર્યો જીવલેણ હુમલો

ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળના ૧૬ વર્ષીય રેયાન અને તેના ૨ મિત્રો પર ઓસ્ટ્રેલિયાના કેટલાક લોકોએ મળીને હુમલો કર્યો હતો. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આ હુમલો છોકરાના જન્મદિવસે તેના પર કરાયો હતો, આ સમયે તે તેના મિત્રો સાથે બાસ્કેટબોલ રમી રહ્યો હતો. તેવામાં અચાનક ૭થી ૮ લોકો આવ્યા અને તેના ગ્રુપને ધમકાવી રહ્યા હતા.

જોતજોતામાં આ ગ્રુપે તેમની પાસેથી મોબાઈલ ફોન અને ગશસયના સ્નીકર્સ માગી લીધા હતા. આ લૂંટ દરમિયાન મામલો બિચક્યો અને શખસોએ તેના પર હુમલો કરી દીધો હતો. ત્યારે તેની સાથે રહેલા અન્ય ૨ લોકોને ગંભીર ઈજા પહોંચતા સ્થિતિ વણસી હતી.

### અખિલ ભારતીય સફાઈ મજદુર સંઘ ખેડા જિલ્લા દ્વારા

# પડતર માંગણીઓને લઇને નડિયાદ ન.પા.ના CO, MLA અને કલેકટરને રજૂઆત કરાઈ

નડિયાદ,

નડિયાદ નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોએ પોતાની પડતર માંગણીઓને લઈને નડિયાદ નગરપાલિકાના CO, નડિયાદ MLA અને કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે. નડિયાદ પાલિકાના સફાઈ કામદારોએ જણાવ્યું છે કે, નડિયાદમાં દર ક્ષેત્રફળ પ્રમાણે સફાઈ કામદારો ન હોવાથી કામદારોની ઘટ હોવાને કારણે ભારે હાલાકી પડી રહી છે.

અખીલ ભારતીય સફાઈ મજદુર સંઘ ખેડા જીલ્લાના નેજા હેઠળ અપાયેલ આવેદનપત્રમાં જણાવાયું છે કે, સફાઈ મજદુર ૩૧ જુલાઈ ૧૯૬૮એ દિલ્હીમાં સફાઈ કામદારો તથા સફાઈ કામદારોના આગેવાનોએ તેમની જુદી જુદી ન્યાયી માંગણીઓ મંજુર કરાવવા માટે સફાઈ કામદારોએ આ દિવસે ગોળીઓથી વીંધેલા તેમજ કામદારોએ તે માંગણીઓ મંજૂર કરાવવા માટે પોતે કુરબાનીઓ આપી માંગણીઓ મંજુર કરાવવા માટે રંગ લાવી હતી. આજે આ દિવસને યાદ કરતા અમારી કેટલીક પડતર પ્રશ્નો છે તે આ મુજબ છે. નડિયાદ શહેરના ક્ષેત્રફળ પ્રમાણે સફાઈ કામદારોની પુરતી સંખ્યા નહી હોવાથી વધુ સફાઈ કામદારોની ભરતી કરવામાં આવે, ૨૨ જેટલા કાયમી કરાર સફાઈ કામદારોના સરકારના નિયમ મુજબ માસીક પગારમાંથી નિયમીત પણે દર મહીને સી.પી.એફ. ના નાણાંની કપાત કરવી, નગર પાલીકામાં દૈનીક લઘુતમ વેતનના પગારો મેળવતા સફાઈ કામદારોના સરકારના ધારા ધોરણ પ્રમાણે કામદારના માસીક પગારમાંથી દર મહીને નિયમીતપણે ઈ.પી.એફ. ના ફંડ પેટે પગારમાંથી કપાત કરવા, વાલ્મીકી સમાજના સફાઈ કામદારોની મંજુર થયેલી મહેકમી જગ્યામાં ૧૦૦ ભરતી કરવા બાબત, નગર પાલીકાના કાયમી સફાઈ કામદારોના બે જેટલા બાકી બોનસના તાત્કાલીક ચુકવણ કરી આપવા બાબત સહિતના મુદાઓ હતા.

સંગઠનના આગેવાન ભુપેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, આજે અમે અમારા સફાઈ કામદારોના પડતર પ્રશ્નોને લઈને નડિયાદ નગરપાલિકાના CO, નડિયાદ MLA અને કલેકટરમાં રજૂઆત કરી છે. જેમાં અમારી ૮ જેટલી માગણીઓ છે. જેમા નડિયાદ પાલિકામા સફાઈ કામદારોની ઘટ છે એક બાજુ નડિયાદ નગર પાલિકાનો વિસ્તાર મોટો છે તો આ શહેરમાં દર ક્ષેત્રફળ પ્રમાણે સફાઈ કામદારો ન હોવાથી હાલાકી પડી રહી છે. વસ્તી પ્રમાણે ૧૫૦૦ સફાઈ કામદાર હોવા જોઈએ જેની જગ્યાએ ૧૩૫ છે. આ ઉપરાંત અન્ય માગણીઓ સંદર્ભે આ રજૂઆત આજે કરાઈ છે.



## દર્દીને સારવારનો સંપૂર્ણ મેડિક્લેઈમ મંજૂર નહીં કરનાર વીમા કંપનીને સુરતની ગ્રાહક કોર્ટે પાઠ ભણાવ્યો

સુરત,

સુરતનાં રહીશ વિમાદાર પંકજ ખીમજીભાઈ સુતરીયાએ ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની પાસે મેડિક્લેઈમ લઈ પરિવારના સભ્યની સારવાર કરાવેલી સારવાર સુરતની જોસોલિયા ઓર્થોપેડિક હોસ્પિટલમાં કરવી હતી, એ દરમિયાન વિમા કંપનીએ ફરીયાદીના પુત્ર એવા દર્દીની બિમારી જન્મજાત છે, એવું બહાનું બતાવી, દર્દીની સારવારનો સંપૂર્ણ ક્લેઈમ મંજુર નહીં કરનાર વીમા કંપનીને ગ્રાહક કોર્ટે ઉદાહરણરૂપ પાઠ ભણાવ્યો હતો.

ફરિયાદ પક્ષના વકીલ નરેશ એચ.નાવડીયાની દલીલો ગ્રાહ્ય રાખી ગ્રાહક કોર્ટે વીમા કંપનીને ૮૭,૦૭૨ રૂપિયા ૯% વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો.સુરતનાં રહીશ પંકજ ખીમજીભાઈ સુતરીયાએ ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની પાસેથી પોલીસી લીધી હતી. જે પોલીસીના ટેન્યોર દરમ્યાન ફરિયાદીના પુત્રને પોસ્ટ ટ્રૂમેટિક લાઈટ લેન્થ ડિસ્પેન્સરીની સારવાર પછી સુરતની જોસોલિયા ઓર્થોપેડિક હોસ્પિટલને ઈન્સ્યોરન્સની રકમ કાપીને આપી હતી. તેને ફરિયાદીએ ગ્રાહક કોર્ટમાં પડકારી હતી.ફરિયાદીના પુત્રને જન્મજાત બિમારી હોવાથી ક્લેઈમના ૨૦% રકમ ચૂકવી હતી, અને બાકીની રકમ મળવા પાત્ર નથી, તેથી ક્લેઈમ ડીડક્ટ કર્યો હતો. જેથી વીમા ધારકે એડવોકેટ નરેશ એચ.નાવડીયા, જીગ્નેશ હરીયાણી દ્વારા સુરતની એડિશનલ ગ્રાહક કમિશનની કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી.

જે ફરીયાદ ચાલી જતાં ફરિયાદીના વકીલોની એવી દલીલો હતી કે, વિમાદારના પુત્રની જે સારવાર કરવામાં આવી છે,

## નરોડામાં વિધિના નામે પૈસા ખંખેરતા ભૂવાનો પર્દાફાશ

અમદાવાદ,

અમદાવાદના નરોડા વિસ્તારમાં નકલી ભુવાનો પર્દાફાશ થયો છે. નરોડા વિસ્તારમાં રહેતા રાહુલ ઠાકોર પર આરોપ છે કે તેને વિધિના નામલે લોકો પાસે લાખો રૂપિયા પડાવ્યા છે. આ આરોપ હેઠળ કેટલાક શખ્સોએ રાહુલ ઠાકોરને નિકોલ મંદિર પાસે લઈ ગયા હતા. જ્યાં ૧૫ જેટલા શખ્સોએ તેને માર મારી તેનો વીડિયો યુટ્યુબમાં અપલોડ કર્યો હતો. વીડિયોમાં રાહુલ કબૂલે છે કે તેને લોકો પાસેથી ખોટી રીતે પૈસા પડાવ્યા છે. તો બીજી તરફ રાહુલ ઠાકોરે આ શખ્સો પર અપહરણનો આરોપ લગાવ્યો છે.

ભોગ બનનાર ભૂવો રાહુલ ઠાકોર પરિવાર સાથે નરોડામાં રહે છે. તા ૨૮ જુલાઈએ ઘરે હાજર હતો ત્યારે રાજકોટના જ કેટલાક શખ્સો પોલીસ તરીકે ઓળખ આપી ઘરમાં ઘૂસી આવ્યા હતા. તમામે તેનું બંદૂકની અણીએ અપહરણ કર્યું હતું અને બાદમાં માર મારી માથાના વાળ કાપી નાખ્યા હતા અને વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં અપલોડ કર્યો હતો. જે ડિલિટ કરવા માટે આ શખ્સોએ રૂપિયા ૯ લાખ માગ્યા હતા. તેવો આરોપ રાહુલ ઠાકોરે લગાવ્યો હતો.રાહુલ ઠાકોર જે પોતાની ઓળખાણ ભૂવા તરીકેની આપી રહ્યો છે તે શખ્શે જણાવ્યું હતું કે કિર્તીદાન દેઢાનો પહેલા મારી પર કોલ આવ્યો હતો. જે બાદ ફોન પર કિર્તીદાન દેઢાએ મને પૂછ્યું કે તમે આ બધા વીડિયો બનાવો છો. જે બાદ મેં કહેલ કે હવે હું આવા કોઈ વીડિયો નહી બનાવું ડીલીટ કરી દઈશ. મેં એમને એવું કીધું હતું. જે બાદ મારો વીડિયો બધી જગ્યાએ શેર કરી દીધો હતો. જે બાદ મેં ફોન કરી તેઓને કહ્યું હતું કે તમે મારો વીડિયો હજુ સુધી ડિલીટ નથી કર્યો તમે હજુ સુધી મને કેમ આવી રીતે બદનામ કરો છે. જે બાદ તેઓ ગાડી લઈને આવ્યા હતા અને પોલીસની ઓળખાણ આપી મને અહીંયાથી મંદિરે લઈ ગયા હતા અને ત્યાં મારી જટાઓ બધુ કાપી નાંખ્યું હતું અને કહેલ કે તમે બધુ કબુલ કરો.

## ગાંધીનગર આરટીઓમાં કૌભાંડ આચર્યું હોવાનો ખુલાસો થયો

ગાંધીનગર,

ગાંધીનગર આરટીઓમાં ડ્રાઈવિંગ ટેસ્ટ કૌભાંડનો પર્દાફાશ થયો છે. આરટીઓ ઈન્સ્પેક્ટર જયદીપસિંહ ઝાલાએ ઈન્ચાર્જ એઆરટીઓના હોદ્દા પર રહીને સોફ્ટવેરમાં ચેડા કરીને ડ્રાઈવિંગ ટેસ્ટ વિના જ લાયસન્સ ઈશ્યુ કર્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ગાંધીનગરના કેટલાક એજન્ટ્સ સાથે તેમની સાંઠગાંઠ હોવાનો ખુલાસો થયો છે. તેમના મોબાઈલ ફોનની ચકાસણીમાં કેટલાંક એજન્ટોની વિગતો મળી છે. હાલ સાયબર ક્રાઈમ દ્વારા ગાંધીનગર આરટીઓના ઈન્સપેક્ટર જયદીપસિંહ ઝાલા, સમીર રતનધારીયા અને એજન્ટ ભાવિન શાહની ધરપકડ કરીને કાર્યવાહી કરવામાં આવી છે.

ડ્રાઈવિંગ ટેસ્ટ વગર જ સારથી એપ્લિકેશનમાં પાસ બતાવીને ગાંધીનગર આરટીઓમાં ચાલતા કૌભાંડ અંગે અમદાવાદ આરટીઓ કચેરીના અધિકારી દ્વારા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે બાદ સાયબર ક્રાઈમ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો.

સાયબર ક્રાઈમની તપાસમાં સામે આવ્યું કે વર્ષ ૨૦૨૨માં ગાંધીનગર આરટીઓના આરટીઓ ઈન્સ્પેક્ટર જયદિપસિંહ ઝાલા ઈન્ચાર્જ એઆરટીઓ હતા. આ દરમિયાન તેમણે સત્તાનો દુરઉપયોગ કરીને સમગ્ર કૌભાંડ આચર્યું હતું. તેમણે અમદાવાદ અને ગાંધીનગરમાં ડ્રાઈવિંગ ટેસ્ટમાં કૌભાંડ આચર્યું છે. ડ્રાઈવિંગ ટેસ્ટ વિના જ સોફ્ટવેરમાં ચેડા કરીને આ કૌભાંડ આચરવામાં આવતું હતું.

તપાસમાં ગાંધીનગરના કેટલાક એજન્ટ્સ સાથે તેમની સાંઠગાંઠ હોવાનો ખુલાસો થયો છે. હાલ આરટીઓ ઈન્સ્પેક્ટર જયદિપસિંહ ઝાલા, સમીર રતનધારીયા અને એજન્ટ ભાવિન શાહની ધરપકડ કરવામાં આવી છે. આ તમામની પૂછપરછમાં અન્ય એજન્ટોના નામ પણ બહાર આવી શકે છે.

OWNER, PRINTER, EDITORS, PUBLISHER : PRAKASH R. DEWAL Printed Hardik Printers, Ahmedabad-22. and Published in • 209, Aketa Housing Society, Nr. Railway Station At. Ta. Mahemdabad-Dist. Kheda-387130 (Responsible for News Edition Under PRB ACT.)